

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 317
Dt.: 22-09-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### H-1B વિઝા મામલે સૌથી મોટા સમાચાર

# નવી ફી વાર્ષિક નહીં પરંતુ વન ટાઈમ જ આપવાની રહેશે

### જે લોકો પાસે H-1B વિઝા છે અને અમેરિકાની બહાર છે તે લોકોને પરત ફરતા સમયે ફી નહિ ચુકવવી પડે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

H-1B વિઝા માટે ફી વધારવાના નિર્ણયથી વિશ્વભરમાં હોબાળો મચી ગયો છે. આ એક મોટો ફટકો છે, ખાસ કરીને ભારતના ટેક જાયન્ટ્સ માટે. ૨૪ કલાકની અંદર, કંપનીઓએ કર્મચારીઓને યુએસ પાછા ફરવાનું કહ્યું છે, જેના પરિણામે વિમાન ભાડું બમણું થઈ ગયું છે. આ વચ્ચે H-1B વિઝા પર વ્હાઈટ હાઉસની સ્પષ્ટતા આવી છે.





H-1B વિઝા મામલે વ્હાઈટ હાઉસે મોટી સ્પષ્ટતા કરી છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું કે, નવો ફી વધારો માત્ર નવી વિઝા અરજીકર્તાને જ લાગુ પડશે. નવી ફી વાર્ષિક નહીં પરંતુ વન ટાઈમ જ આપવાની રહેશે. જે લોકો પાસે H-1B વિઝા છે તેમણે નવી ફી નહીં ભરવી પડે. જે લોકો વિઝા રિન્યુ કરશે તેમણે પણ ફી નહીં ભરવી પડે. જે લોકો પાસે વિઝા છે તેઓ અવરજવર કરી શકશે. વ્હાઈટ હાઈસે સ્પષ્ટતા કરી કે, આ વાર્ષિક ફી નથી, વન ટાઈમ ફી છે. જે ફક્ત અરજી કરતા સમયે આપવાની રહેશે. જે લોકો પાસે H-૧Ⴆ વિઝા છે અને અમેરિકાની બહાર છે તે લોકોને પરત ફરતા સમયે ફી નહિ ચુકવવી પડે. જે લોકો પાસે વિઝા છે તે સામન્ય રીતે અમેરિકામાં આવી શકશે. આ વિઝા ફી ફક્ત નવા વિઝા લેશે તેમના માટે છે. રિન્યુ કરનાર કે જેમની પાસે છે તેમને લાગુ નહિ પડે. ટ્રમ્પ વ્હાઈટ હાઉસે $100,000 ની વધેલી H1B વિઝા ફીના વધુ કડક અર્થઘટનને પાછું ખેંચી લીધું છે, સ્પષ્ટતા કરી છે કે તે વર્તમાન વિઝા ધારકોને અસર કરતું નથી અને માર્ચ ૨૦૨૬ ની આસપાસ શરૂ થનારા આગામી લોટરી ચક્રમાં ફક્ત વિઝા અરજદારોને જ લાગુ પડે છે. યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકના રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે આપેલા નિવેદનનો સીધો વિરોધ કરતા કે H1B વિઝા પર $100,000 સ્ટીકર શોક વાર્ષિક ફી હશે, વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે પણ સ્પષ્ટતા કરી છે કે તે એક વખતની ફી હશે જે ફક્ત નવી અરજીઓ પર લાગુ થશે, નવીકરણ અથવા વર્તમાન વિઝા ધારકો પર નહીં.

"જેઓ પહેલાથી જ H-1B વિઝા ધરાવે છે અને હાલમાં દેશની બહાર છે તેમને ફરીથી પ્રવેશ માટે $100,000 ચાર્જ કરવામાં આવશે નહીં. H-1B વિઝા ધારકો સામાન્ય રીતે જેટલી હદ સુધી દેશ છોડી શકે છે અને ફરીથી પ્રવેશ કરી શકે છે; તેમની પાસે જે પણ ક્ષમતા હોય તે ગઈકાલની ઘોષણાથી પ્રભાવિત થશે નહીં," શુક્રવારે ઓવલ ઓફિસમાં રાષ્ટ્રપતિના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર ટ્રમ્પ-લુટનિકના પ્રેસ નિવેદન બાદ લેવિટે એક નિવેદનમાં જણાવ્યું હતું.

## જાપાનમાં હીટવેવનો કહેર, સેંકડો લોકોના મોત નિપજ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોકિયો

જાપાને બીજા વિશ્વયુદ્ધ બાદ વીજળીની ગતિએ પ્રગતિ કરી. તેણે વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી ક્ષેત્રે વર્ચસ્વ સ્થાપિત કર્યું. વિકાસની આ ઝડપી ગતિએ રાષ્ટ્ર અને સમાજને ઘણું પાછળ છોડી દીધુ છે. આજે જાપાનમાં ક્લાઈમેટ ચેન્જ અને વૃદ્ધની વધતી વસ્તી એક નવું સંકટ ઉભું કરી રહ્યું છે. ૮૪ વર્ષીય તોશિયાકી મોરિયોકા જ્યારે પણ ઘરે હોય ત્યારે પોતાની સાથે એક એલાર્મ ડિવાઈસ રાખે છે. તાપમાન અને ભેજ વધતાં જ તે એક બટન દબાવે છે, જેના કારણે ઈમરજન્સી ટીમ તેમની મદદે આવે છે. આ ટીમ તોસિયાકી મોરિયોકાને નવડાવે છે અને ગરમીથી બચાવે છે.

જાપાનના દર ચોથા કે પાંચમા ઘરની આ એક સામાન્ય વાર્તા છે, કારણ કે હજારો લોકો જાપાનમાં હીટસ્ટ્રોકથી પ્રભાવિત થઈ રહ્યા છે. ઉનાળામાં રેકોર્ડબ્રેક ગરમીના કારણે હજારો લોકો ડિહાઈડ્રેટ થયા હતા. જાપાનની આ પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં સરકારે કટોકટીનો સામનો કરવા માટે એલાર્મ ડિવાઈસનો આશરો લીધો છે. જાપાનના આબોહવા સંકટ વચ્ચે, દેશની ઝડપથી વધતી વૃદ્ધ વસ્તીએ પણ જોખમ ઉભુ કર્યું છે. જાપાનમાં વૃદ્ધોની સંભાળ રાખવા માટે યુવા વર્ગ ખૂબ ઓછો છે.. જાપાનમાં એકલતા અને અન્ય સાંસ્કૃતિક પરિબળોનો સામનો કરતાં વૃદ્ધો માટે આ હિટસ્ટ્રોક વધુ સંવેદનશીલ બન્યો છે.જાપાનમાં લાખો વૃદ્ધ વસે છે. જેમની સંભાળ રાખવા માટે કોઈ નથી. જાપાનમાં રહેતાં તોશિયાકી મોરિયોકા પણ આ જ સમસ્યાનો સામનો કરે છે. તે પોતાના ઘરમાં એકલા છે અને સતત ચિંતા કરે છે કે જો તે બીમાર પડશે તો તેની સંભાળ કોણ રાખશે. એવામાં જાપાનમાં અંગ દઝાડતી ગરમીના કારણે તેઓ હીટસ્ટ્રોકનો સામનો પણ કરી રહ્યા છે. નોંધનીય છે, જાપાન એકમાત્ર એવો દેશ નથી જે આ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. દક્ષિણ કોરિયા અને ચીનમાં પણ તાજેતરમાં રેકોર્ડ હીટવેવનો અનુભવ થયો છે. યુરોપના મોટાભાગના ભાગોમાં જંગલમાં લાગેલી આગને કારણે અત્યંત ગરમ હવામાનનો અનુભવ થયો છે. જાપાનની સત્તાવાર હવામાન એજન્સી અનુસાર, જાપાને આ વર્ષે સૌથી ભયાવહ હીટવેવનો અનુભવ કર્યો છે. ઓગસ્ટમાં, જાપાને અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન, ૪૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધ્યું હતું. આ વર્ષે, જાપાને તેનો સૌથી લાંબો આકરો ઉનાળો અનુભવ્યો છે. જૂનમાં શરૂ થયેલી ઉનાળાની સીઝન સપ્ટેમ્બર સુધી ચાલુ રહી.

## હું બ્રાહ્મણ છું, ભગવાને સૌથી મોટો ઉપકાર કર્યો કે અમને અનામત ન મળ્યું: કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું નિવેદન

### વ્યક્તિનું મહત્વ તેની જાતિ, ધર્મ, ભાષા કે લિંગ પરથી નહીં, પરંતુ તેના ગુણો અને ઉપલબ્ધિઓ પરથી નક્કી થવું જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નાગપુર

કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નિતિન ગડકરીએ નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન મજાકના અંદાજમાં કહ્યું કે, 'હું બ્રાહ્મણ જાતિનો છું અને ભગવાને મારા પર સૌથી મોટો ઉપકાર કર્યો કે અમને અનામત નથી આપ્યું. વ્યક્તિનું મહત્વ તેની જાતિ, ધર્મ, ભાષા કે લિંગ પરથી નહીં, પરંતુ તેના ગુણો અને ઉપલબ્ધિઓ પરથી નક્કી થવું જોઈએ.'



ગડકરીએ કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં ભલે બ્રાહ્મણોનું મહત્વ નથી, પરંતુ ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં તેઓનું ખૂબ મહત્ત્વ છે.

જ્યારે પણ હું ત્યાં જાઉં છું, ત્યારે જોઉં છું કે દુબે, મિશ્રા, ત્રિપાઠી જેવા લોકોનો ખૂબ શક્તિશાળી અને દબદબો છે. જેમ અહીં મરાઠા જાતિનું મહત્વ છે, તેવી જ રીતે ત્યાં બ્રાહ્મણો શક્તિશાળી છે. હું તેઓને કહું છું કે, હું કોઈ જાતિવાદમાં માનતો નથી. કોઈ પણ વ્યક્તિ જાતિ, ધર્મ કે ભાષાથી મોટો હોતો નથી, પરંતુ તે ગુણોથી મોટો હોય છે.'થોડા દિવસ પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અંગે પ્રશ્ન કરવામાં આવતા ગડકરીએ કહ્યું કે, 'આ સવાલનો જવાબ માત્ર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા જ આપી શકે છે. તમે ખોટા વ્યક્તિને પ્રશ્ન પૂછ્યો છે.' વાસ્તવમાં ગડકરીને પૂછવામાં આવ્યું હતું કે, આખરે ભાજપના નવા અધ્યક્ષની પસંદગી કેમ કરાઈ નથી? તેમાં સમસ્યા શું છે? ત્યારે આ મુદ્દે ગડકરીએ કહ્યું કે, આ સવાલ તમારે નડ્ડાને પૂછવો જોઈએ, તેઓ જ તેનો જવાબ આપી શકે છે. આ સવાલનો જવાબ મારી પાસે પણ નથી.'

## ભારતીય સેનાએ પાકિસ્તાન બોર્ડર પર કર્યો અમોઘ ફ્યૂરી અભ્યાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પાકિસ્તાન સરહદથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર, રાજસ્થાનના થાર રણમાં આવેલા મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં સપ્ત શક્તિ કમાન્ડે 'અમોઘ ફ્યુરી' નામનો મહાઅભ્યાસ હાથ ધર્યો છે. ભારતીય સેનાએ આ ઈન્ટિગ્રેટેડ ફાયરપાવર એક્સરસાઈઝ કરીને પોતાની યુદ્ધ ક્ષમતા, સંકલન અને ઓપરેશનલ તૈયારીઓનું પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય વાસ્તવિક યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં સેનાની સજ્જતાનું પરીક્ષણ કરવાનો હતો. આ અભ્યાસમાં યુદ્ધ ટેંકો, પાયદળ લડાયક વાહનો, હુમલો હેલિકોપ્ટર, લાંબા અંતરની તોપખાના પ્રણાલીઓ, ડ્રોન અને અન્ય અત્યાધુનિક શસ્ત્ર પ્રણાલીઓને સામેલ કરાઈ છે. ભારતીય સેનાએ સૈનિકોની ઝડપી તૈનાતી, આક્રમક જમીની કાર્યવાહી અને સંયુક્ત કાર્યવાહી હેઠળ અનેક યુદ્ધાભ્યાસ કર્યો છે. અભ્યાસ દરમિયાન નેટવર્ક આધારિત સંચાર, કમાન્ડ અને કંટ્રોલ માળખાં, તેમજ વાસ્તવિક સમયની દેખરેખ અને લક્ષ્ય નિર્ધારણ પ્રણાલીઓનો પણ ઉપયોગ કરાયો છે. આ ક્ષમતાઓના પરીક્ષણથી આધુનિક યુદ્ધક્ષેત્રમાં ઉભરતા જોખમોનો અસરકારક રીતે સામનો કરવાની સેનાની ક્ષમતા વધુ મજબૂત બની છે.

## નેપાળ બાદ હવે ફિલિપાઈન્સમાં પણ સરકાર સામે ભારે વિરોધ પ્રદર્શન: રસ્તાઓ પર ઉતર્યા હજારો લોકો

(સંપૂર્ણ સમાચાર સેવા)ફિલિપાઈન્સ

નેપાળ બાદ હવે ફિલિપાઈન્સમાં પણ સરકાર સામે લોકોમાં જબરદસ્ત આક્રોશ ફેલાયો છે. હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. રવિવારે ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં હજારો પ્રદર્શનકારીઓએ રસ્તા પર ઉતરી પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. પ્રદર્શનકારીઓની ભીડ એટલી મોટી હતી કે, પોલીસને તેમને કાબૂમાં કરવી મુશ્કેલ બન્યું.

ફિલિપાઈન્સમાં આ વિરોધ પ્રદર્શન એક મોટા ભ્રષ્ટાચાર કૌભાંડ સામે હતા, જેમાં સાંસદો, સરકારી અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ પર આરોપ છે કે, તેમણે પૂર-નિયંત્રણ પ્રોજેક્ટ્સમાંથી મોટી લાંચ લીધી અને ગરીબ-આપત્તિગ્રસ્ત દેશમાં સરકારી ધન લૂંટાવ્યું છે. કોઈપણ પ્રકારની હિંસા અટકાવવા માટે પોલીસ અને સૈન્યને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. મનીલામાં એક ઐતિહાસિક પાર્ક અને રાજધાની ક્ષેત્રના મુખ્ય EDSA હાઈવે પર ડેમોક્રેસી સ્મારક નજીક અલગ-અલગ પ્રદર્શનોની સુરક્ષા માટે હજારો પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા.

ફિલિપાઈન્સમાં થયેલા મોટા પાયે વિરોધ પ્રદર્શનો અને હિંસાને ધ્યાનમાં રાખીને અમેરિકા અને ઓસ્ટ્રેલિયન દૂતાવાસોએ તેમના નાગરિકોને પ્રદર્શનોથી દૂર રહેવાની સલાહ આપી છે. પ્રદર્શનકારીઓએ ફિલિપાઈન્સના ધ્વજ લહેરાવ્યા હતા અને એક મોટું બેનર પ્રદર્શિત કર્યું હતું જેમાં લખ્યું હતું કે, "હવે નહીં, બસ થઈ ગયું, તેમને જેલમાં મોકલો." વિદ્યાર્થી નેતા અલ્થિયા ટ્રિનિડાડે કહ્યું કે, "મને દુઃખ થાય છે કે આપણે ગરીબીમાં જીવીએ છીએ, આપણા ઘરો અને ભવિષ્ય બરબાદ થઈ ગયા છે, જ્યારે આ લોકો આપણા ટેક્સના રૂપિયાથી આલીશાન કાર, વિદેશ યાત્રાઓ અને મોટા વ્યવસાયિક સોદાઓ માટે કરે છે."

લોકોનો આરોપ છે કે, ફિલિપાઈન્સના પૂર પ્રોજેક્ટ્સમાં મોટું કૌભાંડ થયું છે. તે બુલાકન પ્રાંતની છે, જે પૂરગ્રસ્ત વિસ્તાર છે જ્યાં પૂર નિયંત્રણ પ્રોજેક્ટ્સને હલકી ગુણવત્તાવાળા અથવા ખરેખર ક્યારેય બનાવવામાં આવ્યા નથી તેવું વર્ણવવામાં આવ્યું છે. કેથોલિક બિશપ કોન્ફરન્સના વડા કાર્ડિનલ પાબ્લો વર્જિલિયો ડેવિડે કહ્યું કે, "અમારું લક્ષ્ય અસ્થિરતા નથી, પરંતુ લોકશાહીને મજબૂત બનાવવાનું છે."કેથોલિક બિશપ કોન્ફરન્સના વડા કાર્ડિનલ પાબ્લો વર્જિલિયો ડેવિડે લોકોને શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવા અને જવાબદારીની માંગ કરવાની અપીલ કરી. આયોજકોએ કહ્યું કે, તેમનું ધ્યાન ભ્રષ્ટ લોક નિર્માણ અધિકારીઓ, સાંસદો અને નિર્માણ કંપનીના માલિકોને ખુલ્લા પાડવા પર છે. તેઓ રાષ્ટ્રપતિ ફર્ડિનેન્ડ માર્કોસ જુનિયરના રાજીનામાની માંગ કરી રહ્યા ન હતા. રાષ્ટ્રપતિ માર્કોસ જુનિયરે જુલાઈમાં તેમના રાષ્ટ્ર સંબોધનમાં આ પૂર નિયંત્રણ પ્રોજેક્ટ્સમાં ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારબાદ તેમણે એક સ્વતંત્ર તપાસ પંચની નિમણૂક કરી, જેણે ૯,૮૫૫ પ્રોજેક્ટ્સની તપાસ શરૂ કરી, જેની કિંમત ૫૪૫ અરબ રૂપિયા (લગભગ ૯.૫ અરબ ડોલર) જણાવવામાં આવી હતી. તેમણે ભ્રષ્ટાચારને "ભયાનક" ગણાવ્યો અને લોક નિર્માણ સચિવ રાજીનામું સ્વીકાર્યું.







## PM મોદી ૭૫ વર્ષની ઉંમરમાં પણ ઘણું કામ કરે છે: બોલિવૂડ એક્ટર પરેશ રાવલનું મોટું નિવેદન

### મોદી એવા વ્યક્તિ છે કે જેઓ કહે છે કે આ કરવું પડશે, હું તમને ૩ દિવસ પછી સંપર્ક કરીશ, તેઓ ભુલતા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બોલીવૂડ એક્ટર પરેશ રાવલ તેમના કામને લઈને હંમેશા ચર્ચામાં રહેતા હોય છે. જોકે હાલ તેમણે વડાપ્રધાન મોદીને લઈને મહત્વની વાત કરી છે જેને લઈને તેઓ ચર્ચામાં આવ્યા છે. પરેશ રાવલે કહ્યું કે સામાન્ય લોકોને હંમેશા એવું લાગે છે કે રાજનેતાઓની જિંદગી આરામદાયક હોય છે. પરંતુ આ વાતમાં જરા પણ તથ્ય નથી. પરેશ રાવલ ૨૦૧૪થી ભારતીય જનતા પાર્ટીની ટીકીટ પર અમદાવાદ ઈસ્ટમાં સાંસદ ચૂંટવામાં આવ્યા હતા.તેમણે જણાવ્યું કે રાજનેતાઓની જિંદગી આરામદાયક હોય છે આવી ધારણા કદાચ કોંગ્રેસના સમયમાં સાચી હતી. જોકે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં આ વાત જરા પણ યોગ્ય નથી. આજકાલ મંત્રીથી લઈને નાના કાર્યકર્તાઓને પણ ઘણી મહેનત કરવી પડે છે અને થાકી જવાય ત્યાં સુધી કામ કરવું પડે છે. રાજકારણમાં કેવો અનુભવ રહ્યો આ સવાલ પર પરેશ રાવલે પીએમ મોદીના કાર્યની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે મોદી પહેલા વડાપ્રધાન છે કે જેમણે ચૂંટાયેલા નેતાઓને કહ્યું કે વર્ષમાં એક વાર તમારે જનતાને જણાવવું પડશે કે તેમણે આખું વર્ષ શું કામ કર્યું છે.

પરેશ રાવલે કહ્યું કે પીએમ મોદી એવા વ્યક્તિ છે કે જેઓ કહે છે કે ઠીક છે આ કરવું પડશે. હું તમને ૩ દિવસ પછી સંપર્ક કરીશ. તમને એવું લાગશે કે તેઓ ભૂલી જશે પરંતુ તેઓ ભૂલતા નથી અને તમારે તે મુદ્દે દરેક વાતના જવાબ આપવા પડશે. મેં આટલા કઠોર અનુશાસન અને કાર્યશૈલી વાળા વ્યક્તિને ક્યાંય પણ નથી જોયા. પીએમ મોદી ૭૫ વર્ષની ઉંમરમાં પણ ઘણું કામ કામ કરે છે.

વધુમાં પરેશ રાવલે જણાવ્યું મારો અનુભવ અદ્ભુત રહ્યો છે. કારણકે આપણે દેશ ચલાવવા માટે એવા નેતાઓની જરૂરત છે. જેઓ કર્તવ્યનિષ્ઠ અને ભ્રષ્ટાચાર મુક્ત હોય. મારો અનુભવ સો ટકા સકારાત્મક રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે એક્ટર પરેશ રાવલ હવે ટૂંક સમયમાં ધ તાજ સ્ટોરી ફિલ્મમાં દેખાશે. ફિલ્મમાં તેઓ ઝાકિર હુસૈન, અમૃતા ખાનવિલકર, સ્નેહા વાઘ અને નમિત દાસ સાથે નજરે પડશે. તુષાર અમરીષ ગોયલ દ્વારા નિર્દેશિત અને લેખિત ધ તાજ સ્ટોરી ૩૧ ઓક્ટોબરે થિયેટરમાં રિલીઝ થવાની છે.

# તંત્રી લેખ......

## મોદીનો સ્વદેશીનો મંત્ર અર્થતંત્ર માટે રામબાણ

ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સ્વદેશીની ચળવળે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. હવે આર્થિક પ્રતિબંધોનાં દબાણથી દેશને મુક્ત કરાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરીવાર સ્વદેશીનો મંત્ર ભારતીયોને આપ્યો છે. પોતાના ૭૫મા જન્મદિવસે દેશ આખાએ મોદીને અભિનંદનની વર્ષામાં તરબતર કર્યા, ત્યારે તેમણે દેશ પાસે ભેટમાં સ્વદેશી અપનાવવાનો નિર્ધાર માગીને આઝાદીના સંકલ્પનું ચિત્ર ફરી ખડું કર્યું છે. સ્વાભાવિક રીતે તેમના આહ્વાહનને દેશ વધાવી લઈ આઝાદીના સમય જેવી દેશદાઝ ફરી જાગશે એવાં એંધાણ મળી રહ્યાં છે. બુધવારે મધ્યપ્રદેશના ધારમાં યોજાયેલા જન્મદિવસના અભિવાદન સમારંભને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ ભારે લાગણીભીના સ્વરે દેશના લોકોને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફના જવાબમાં સ્વદેશી વસ્તુઓ ખરીદવાની હૃદયસ્પર્શી અપીલ કરી હતી. તેમણે કહ્યંઅ હતું કે, તમે જે કંઈ પણ વસ્તુ ખરીદો તે દેશમાં બનેલી હોય અને તેમાં દેશના કામદારનો પરસેવો હોય. સાથોસાથ વડાપ્રધાને દેશના દુકાનદારોને પણ અપીલ કરી કે તેઓ જે કંઈ વેચે તે દેશમાં બનેલું હોય અને દુકાનો પર બોર્ડ લાગવા જોઈએ કે ગર્વ સે કહો યે સ્વદેશી હૈ. આજે હાલત એવી છે કે, વિદેશી વસ્તુઓના પ્રેમને લીધે આપણે સ્થાનિક ઉત્પાદનોને નુકસાન પહોંચાડી રહ્યા છીએ અને અર્થતંત્રની ઉપર બોજો વધારી રહ્યા છીએ. આજે ભારત વિશ્વની સૌથી મજબૂત અને વિશાળ બજાર હોવાનું ગૌરવ ધરાવે છે, પણ કમભાગ્યે આ બજારમાં વિદશી વસ્તુઓના પ્રભાવને લીધે આનો જોઈએ એવો લાભ સ્થાનિકનાં ઉત્પાદનો અને દેશના અર્થતંત્રને મળતો નથી. આવામાં આ સમસ્યાનો એકમાત્ર ઉકેલ આધુનિક સ્વદેશી ચળવળ ચલાવવાનો છે. દેશના લોકો વડાપ્રધાનના આ મંત્રને અમલી કરે તો એક સાથે સંખ્યાબંધ સમસ્યાઓનો ઉકેલ આવી શકે તેમ છે. આજે ભારતની ગણના વિશ્વમાં ઝડપથી વિકસી રહેલી આર્થિક તાકાત તરીકે થાય છે, પણ અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશો ભારતના આ વિકાસને પચાવી શકતા નથી એવા સંજોગો સતત આકાર લઈ રહ્યા છે. રશિયાના જંગને રોકવાના બહાને ભારત પર આકરા ટેરિફ લાદીને અમેરિકાને એક કાંકરે બે પક્ષી મારાવા હોય તેમ જણાઈ રહ્યં છે. એક તો ભારતને રશિયાના ક્રૂડની ખરીદી કરતા રોકવા અને તેના દ્વારા ભારતીય અર્થતંત્રને નબળું પાડવું એવી ટ્રમ્પની મહેચ્છા હોવાનું ચિત્ર સામે આવી ચૂક્યું છે. આવા સંજોગોમાં ભારતે અમેરિકા કે પશ્ચિમી દેશોનાં દબાણને વશ ન થવાનું મક્કમ વલણ લીધું છે. ભારતે ટેરિફની અસરો ઓછી કરવા વિવિધ ઉપાયો કર્યા છે. સ્થાનિકે વેચાણ વધે તે માટે જીએસટીના દરોને ઘટાડીને તર્કસંગત કરતા સ્વદેશી વસ્તુઓના ભાવો આગામી સોમવારથી ઘટી રહ્યા છે. આવામાં ભાવોમાં રાહત અને વડાપ્રધાનની સ્વદેશીની હાકલના સમન્વયથી ટ્રમ્પના ઈરાદાને પરાસ્ત કરવાની તાકાત ભારત બતાવી શકશે. આવનારા દિવસોમાં દેશભરમાં સ્વદેશીની ખરીદી ભારતીય બજારોને છલકાવી દેશે અને અર્થતંત્રને નવું બળ આપશે એવી આશા રાખી શકાય.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય મતવિસ્તાર ગાંધીનગર જિલ્લામાં ૪૦૦ કરોડની જમીનનુ કૌભાંડ : ૧ હજાર ના ટોળા સાથે ઉમટી પડયા તત્કાલીન મામલતદાર અને ભુમાફીયાઓ પર કર્યા આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય મતવિસ્તાર ગાંધીનગર જિલ્લાના શેરથા ગામમાં સ્થિત પ્રાચીન અને પવિત્ર નરસિંહજી મંદિર ટ્રસ્ટની અમુલ્ય ૪૦ એકર જમીન પર થયેલા કરોડોના કૌભાંડે સમગ્ર વિસ્તારમાં ભારે ઉથલ પાથલ મચાવી દીધી છે. કહેવાય છે કે કેન્દ્રીય ગૃહમંત્રીનો સંસદીય મતવિસ્તાર કહેવાય છે અને જયારે પણ કેન્દ્રીય ગૃહમંત્રી વિસ્તારની મુલાકાતે આવે છે ત્યારે માત્ર ને માત્ર કોર્પોરેશનની મુલાકાત લે છે, પરંતુ જિલ્લા કલેકટર કચેરીમાં પ્રજાને થતી હેરાનગતી બાબતે કયારેય પુછપરછ કરવામાં ન આવતા પ્રજામાં નારાજગી વર્તાઈ જવા પામી છે.



નરસિંહજી મંદિર ટ્રસ્ટની ૪૦ એકર જમીન પર કરોડો રૂપીયાનુ કૌભાંડ થયુ છે, આ જમીનની અંદાજીત કિંમત રૂપીયા ૪૦૦ કરોડ જેટલી છે અને તેને ભુમાફીયાઓ કહેવાતા ગણોતીયાઓ તથા તત્કાલીન મામલતદાર સુનીલ આર રાવલ જેવા અધિકારીઓના મળતીયાઓએ બોગસ ખોટા દસ્તાવેજો અને હુકમો દ્વારા હડપી લેવાનુ કાવતરૂ આચર્યુ હોવાનો ગંભીર આરોપ ગ્રામજનોએ લગાવ્યો છે. આજે તા. ૨૧ સપ્ટેમ્બર ના રોજ શેરથા ગામના હજારો ગ્રામજનો મંદિર પરીસરમાં ઉમટી પડયા હતા અને વિશાળ જાહેરસભા યોજી હતી, જેમાં તટસ્થ તપાસ અને આરોપીઓ વિરૂધ્ધ કડક કાયદેસર કાર્યવાહીની માંગણી કરવામાં આવી હતી, સભા અગાઉ મંદિર થી ગામ સુધી લગભગ ૨ કિ.મી. ની મૌન રેલી કાઢી ગ્રામજનોએ અહિંસક વિરોધ નોંધાવ્યો હતો. જે ગાંધીયુગીના આંદોલનનુ જીવંત પ્રતિક બની ગઈ હતી.

આ કૌભાંડ ફકત જમીનની હડપણી જ નહી પરંતુ તે ધાર્મિક ટ્રસ્ટના ધર્મદા દાનને લક્ષમાં બનાવીને કરવામાં આવ્યુ છે. જેના કારણે ગ્રામજનોમાં આક્રોશ તથા નિરાશા વ્યાપી ગઈ છે. ગ્રામજનોએ કલેકટર કુલદીપ આર્યાને સબમીટ કરેલી વિગતવાર રજુઆતમાં ૧૩ આરોપીઓના નામોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં તત્કાલીન મામલતદાર સુનીલ આર રાવલ નુ નામ પ્રથમ ક્રમાંકે છે,

નરસિંહજી મંદિર ટ્રસ્ટની આ જમીન જુના સર્વે નંબર ૭૧૬ (બ્લોક નં.૧૨૨૭ પૈકી રીસર્વે નંબર ૬૩૮ અને ૭૦૭ ) હેઠળ આવે છે. જેનો કુલ વિસ્તાર ૧,૪૯,૯૧૯ ચો. મી. (લગભગ ૪૦ એકર) છે. આ જમીન ૧૯૫૧-૫૨ થી ટ્રસ્ટના કબ્જા હેઠળ છે અને તેને ધર્માદા દાન તરીકે ગણવામાં આવે છે, કહેવાય છે કે ઐતિહાસિક રીતે આ મંદિરની શરૂઆત ૧૯ મી સદીમાં થઈ હતી. જયારે ગોમતીદાસ મહારાજે નેપાળથી નરસિંહજીની પવિત્ર મુર્તિ લાવીને અહીં પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. આઝાદીના આંદોલનના દિવસોમાં આ મંદિર ડો. સુમન મહેતાના આશ્રમ તરીકે જાણીતુ બન્યુ, જયાંથી ગણી લડાઈઓને પ્રેરણા મળી હતી, ગાયકવાડ સરકારે આઝાદી પછી મંદિરને નિભાવ અને ધાર્મિક કાર્યો માટે આશરે ૭૦ વિઘા જમીન આપી હતી, જેમાંથી આ ૪૦ એકર જમીનનો મુખ્ય હિસ્સો છે. જે મંદિરથી માત્ર ૧ કિ.મી. દુર આવેલી છે,

આ જમીન પર કૌભાંડની શરૂઆત કોરોના મહામારીના કાળમાં થઈ, જયારે વહેલી તપાસ અને કાર્યવાહીની અછતને કારણે અધિકારીઓને તક મળી ગઈ, તત્કાલીન મામલતદાર સુનીલ આર રાવલે ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ એક વિવાદાસ્પદ હુકમ જારી કર્યો, જેમાં સીલીંગ કેસ (જમીનની મર્યાદા ) અને ગણોતધારા (ગણોતીયાવધારો) ના કોર્ટ કેસો હજુ પેન્ડીંગ હોવા છતાં અમુક વ્યકિતઓના નામે જમીનનો હુકમ કરી દીધો, આ હુકમના આધારે તરતજ વારસાઈ નોંધો અને વેચાણ દસ્તાવેજો (નંબર ૯૦૩૬ અને ૯૦૫૩) કરી દેવામાં આવ્યા, જેના પરથી જમીન ટ્રસ્ટના નામથી વેચાઈ ગઈ, આમ ભુમાફીયાઓ અને તેમના સંપર્કોને જમીનની માલીકી મળી ગઈ,


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


# આજથી ગુજરાતમાં ૭૦૦ પ્રોડકટના ભાવમાં થશે ઘટાડો: દુધ, ઘી, બટર, સહિત ૭૦૦ પ્રોડકટના ભાવમાં ઘટાડો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




નવરાત્રી અગાઉ ગુજરાતના લોકો માટે આર્થિક રાહતના સમાચાર સરકારે આપ્યા છે.

ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી) માં ઘટાડાના કારણે અમુલ દ્વારા પોતાની ૭૦૦ થી વધુ પ્રોડકટનો ભાવ ઘટાડવાનો નિર્ણય લીધો છે,

આ ભાવ ઘટાડો આજે તા. ૨૨ સપ્ટેમ્બર થી લાગુ થશે અને તેનો સંપૂર્ણ લાભ ગ્રાહકોને મળશે. આ નિર્ણયથી અમુલના ગ્રાહકોને સીધો ફાયદો થશે, કારણ કે જીએસટીમા થયેલા ઘટાડાનો લાભ કંપની પોતે નહી પરંતુ ગ્રાહકોને આપશે. આ ભાવ ઘટાડો આજથી અમલમાં આવશે, આ ભાવ ઘટાડામાં અમુલની અન્ય મુખ્ય પ્રોડકટનો સમાવેશ થાય છે. જેમાં બટર, ઘી, દુધ, આઈસ્ક્રીમ અને ચીઝ જેવી રોજબરોજની ચીજવસ્તુઓ મુખ્ય છે. જેમાં અમુલ બટર માં ૧૦૦ ગ્રામના પેક પર રૂપીયા ૪ નો ઘટાડો, ૫૦૦ ગ્રામ ના પેક પર રૂપીયા ૨૦ નો ઘટાડો, અમુલ ઘી માં ૧ લીટર ના પેક પર રૂપીયા ૪૦ નો ઘટાડો, ૫ લીટરના પેક પર રૂપીયાનો ૨૦૦ નો ઘટાડો, તો બીજી તરફ અમુલ દુધ માં અમુલ તાજા સ્ટોન મિલ્કના પ્રતિ લીટરે રૂપીયા ૨ નો ઘટાડો , તો અમુલ ગોલ્ડના પ્રતિ લીટરે રૂપીયા ૩ નો ઘટાડો, આ ભાવ ઘટાડો સામાન્ય ગ્રાહકોના માસિક બજેટ પર સકારાત્મક અસર કરશે અને મોંઘવારીના આ સમયમાં તેમને મોટી રાહત આપશે. અમુલનો આ નિર્ણય ગ્રાહકો પ્રત્યેની તેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.


નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક







RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# આવો, મનાવીએ GST બચત ઉત્સવ

## Next Generation GST REFORMS

### દેશ માટે વધુ બચતનો અવસર, સ્વદેશીને મળશે પ્રોત્સાહન

**આજથી નેક્સ્ટ જનરેશન ટેક્સ રિફોર્મની શરૂઆત**
હવે ઘરગથ્થુ વસ્તુઓથી લઈને વાહન સુધી બધું થશે વધુ સસ્તું!

**શું બદલાશે?**

- હવે, ૫% અને ૧૮% એમ માત્ર ૨ ટેક્સ સ્લેબ
- દૈનિક વપરાશની વસ્તુઓ જેવી કે, ખાદ્ય સામગ્રી, દવાઓ, સાબુ, બ્રશ, આરોગ્ય-વીમા સસ્તી થશે
- ૧૨% સ્લેબમાં આવતી ૯૯% વસ્તુઓ પર હવે માત્ર ૫% GST
- ઘર, ટીવી, ફ્રિજ, સ્કૂટર-બાઈક, કાર, હોટેલ સેવાઓ વધુ સસ્તી

**કોને ફાયદો થશે ?**

- ગરીબ, મધ્યમ વર્ગ અને Neo મિડલ ક્લાસ
- ખેડૂતો, મહિલાઓ, વેપારીઓ અને ઉદ્યમીઓ
- MSMEs, લઘુ, સૂક્ષ્મ અને કુટિર ઉદ્યોગો
- ભારતના દરેક પરિવારની બચત વધશે

**દેશને શું લાભ?**

- વાર્ષિક ₹૨.૫ લાખ કરોડથી વધુની બચત થશે
- MSMEs ને ડબલ ફાયદો: વેચાણ વધશે, ટેક્સ ઘટશે
- રોકાણ વધશે અને વેપાર સરળ બનશે
- "વન નેશન, વન ટેક્સ" - ભારતની વિકાસ યાત્રાને વેગ મળશે

॥ નાગરિક દેવો ભવ ॥

"હવે ગર્વથી કહો સ્વદેશી મારું સ્વાભિમાન છે"
-માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

# આજથી સમગ્ર ગુજરાતમાં નવલી નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા લુખ્ખા તત્વોની ફરીયાદ માટે હેલ્પલાઈન નંબર જાહેર કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આજથી નવલી નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જે ૯ દિવસ ચાલનારી નવરાત્રીમાં કેટલાક અસામાજિક અને લુખ્ખા તત્વો દ્વારા બહેન બેટીઓ ઉપર ખરાબ નજર તેમજ અપહરણ અને દુષ્કર્મની ઘટનાઓને લઈ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા લુખ્ખાઓ વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે.




સમાજમાં દહેશતનુ વાતાવરણ ઉભુ કરનારા અસામાજિક તત્વો વિરૂધ્ધ હવે ક્રાઈમ બ્રાન્ચે કડક કાર્યવાહી કરવાનુ નકકી કર્યુ છે આવા લુખ્ખા તત્વો વિરૂધ્ધ એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે જેમાં જાગૃત નાગરીકોને પણ સહભાગી થવા માટે અપીલ કરવામાં આવી છે, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ અંગે લાલ આંખ કરવામાં આવી છે અને અસામાજીક તત્વોને કાયદાનો પાઠ ભણાવવા માટે કમર કસવામાં આવી છે. આ ઝુંબેશને વધુ અસરકારક બનાવવા માટે ક્રાઈમ બ્રાન્ચે એક હેલ્પ લાઈન નંબર પણ જાહેર કર્યો છે. આ હેલ્પ લાઈન નંબર ૬૩૫૯૬ ૨૫૩૬૫ છે. કોઈપણ જાગૃત નાગરીક આ હેલ્પલાઈન નંબર પર લુખ્ખા તત્વોના ફોટા અને વિડીયો સાથે પોતાની ફરીયાદ નોંધાવી શકશે, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ તમામ ફરીયાદોની ગંભીરતાથી નોંધા લેવામાં આવશે અને તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવશે,

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં ભયનુ વાતાવરણ ફેલાવનારા તત્વોને નાથવાનો અને સામાન્ય નાગરીકોને સુરક્ષિત અને શાંતિપૂર્ણ માહોલ પુરૂ પાડવાનો છે, ક્રાઈમ બ્રાન્ચનુ માનવુ છે કે નાગરીકોને સહકારથી આવા અસામાજિક તત્વોને જડમુળથી ઉખેડી શકાય છે. જો તમે પણ તમારા આસપાસના વિસ્તારમાં કોઈ લુખ્ખા તત્વોને જોતા હોવ અથવા તેમના દ્વારા કોઈ હેરાનગતિનો અનુભવ કરતા હોવ તો નિઃસંકોચ આ હેલ્પલાઈન નંબર પર ફરીયાદ નોંધાવી શકો છો. તમારી ઓળખ ગુપ્ત રાખવામાં આવશે અને તમારી ફરીયાદ પર ત્વરીત કાર્યવાહી કરવામાં આવશે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શરૂ કરવામાં આવેલી આ વિશેષ ઝુંબેશ સમાજમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદ્રઢ કરવામાં મદદરૂપ સાબિત થશે. જાગૃત નાગરીકોના સહયોગથી ભયમુકત સમાજનુ નિર્માણ શકય બનશે. ગૃહ મંત્રીએ મીડીયાના માધ્યમથી પોલીસ તંત્રને જણાવ્યુ હતુ કે પોલીસ અધિકારીઓ લુખ્ખા અને અસામાજિક તત્વો સાથે સંબંધ રાખશે તો તેમની નોકરી જશે, તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે રાજય સરકાર આવા તત્વોને કોઈપણ ભોગે બક્ષશે નહી અને તેમની સાથે સાંઠગાંઠ ધરાવતા પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. સંઘવીએ વધુમાં જણાવ્યુ હતુ કે રાજયમાં અસામાજિક તત્વોની તપાસ અલગ અલગ એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે ચેતવણી આપતા કહ્યુ હતુ કે જો કોઈ પોલીસવાળો આવા તત્વો સાથે બેસતો ઉઠતો જણાશે અથવા તેમની સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક રાખતો હશે તો તેને તાત્કાલીક નોકરીમાંથી ઘર ભેગો કરી દેવામાં આવશે. આ ઉપરાંત વારંવાર આતંક મચાવનારા લોકો વિરૂધ્ધ પગલા લેવામાં નિષ્ફળ રહેનાર સ્થાનિક પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે.

# મહેસાણા જિલ્લાના ખેરાલુ માં મનરેગા કૌભાંડનો પર્દાફાશઃ ૭ થી ૮ કરોડ ગેરરીતીઓને લઈ મચ્યો ખળભળાટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મનરેગા કૌભાંડમાં હવે જાણે હરીફાઈ લાગી હોય તેમ રાજયના પંચાયત મંત્રી બચુ ખાબડના મતવિસ્તાર દેવગઢ બારીયા તાલુકામાં પંચાયત મંત્રીના પુત્રોએ લાખો કરોડો રૂપીયાના મનરેગા કૌભાંડો આચર્યા બાદ હવે મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં વધુ એક ચોકાવનારૂ મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના ) કૌભાંડ પ્રકાશમાં આવ્યુ છે જેમાં ૭ થી ૮ કરોડ રૂપીયાની ગેરરીતીઓનો પર્દાફાશ થયો છે.



ખેરાલુ તાલુકાના ચાચરીયા ગામમાં થયેલી આ ગેરરીતીઓની ફરીયાદને આધારે લોકપાલ ગીરીશ શર્માએ રૂબરૂ તપાસ હાથ ધરી હતી જેમાં બોગસ જોબકાર્ડ, બોગસ ખોટા બેંક એકાઉન્ટ અને કાગળ પર બતાવેલા નકલી માટીકામની વિગતો બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. સરકારી ચોપડે ચાચરીયા ગામમાં ૫૦ શ્રમિકોના નામ નોંધાયેલા હતા. પરંતુ લોકપાલની તપાસમાં માત્ર ૬ શ્રમિકો જવાબ આપવા આવ્યા હતા. આરોપીઓએ નકલી બોગસ જોબકાર્ડ બનાવી, બેંક એકાઉન્ટ્સ ખોલાવી અને તેના એટીએમ તથા પીન નંબરનો ઉપયોગ કરીને લાખો રૂપીયા ઉપાડી લેવામાં આવ્યા છે. પાંચ માટીકામના કામો કર્યા વગર કાગળ પર દર્શાવીને લાખો રૂપીયા ચાઉ કરી દેવામાં આવ્યા છે. શ્રમિકો દ્વારા કરેલા કામ કરતા વધુ દિવસો કાગળ પર બતાવી બોગસ ખોટી રીતે નાણાં ફાળવવામાં આવ્યા હોવાનુ બહાર આવ્યુ છે.

લોકપાલ ગીરીશ શર્મા ની સ્થળ તપાસ બાદ આ કૌભાંડ જાહેર થતા રાજય સરકારે તાત્કાલીક પગલા લેવાનો આદેશ આપ્યો છે. રાજય કક્ષાએ વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, જે આ ગેરરીતીઓની ઉંડાણપુર્વક તપાસ કરશે, તમામ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ પણ જારી કરવામાં આવ્યો છે. સુત્રોના કહેવા પ્રમાણે આ તપાસ આગળ વધે તો કરોડો રૂપીયાનુ વધુ એક કૌભાંડ બહાર આવી શકે છે. ખેરાલુનુ આ કૌભાંડ ગુજરાતમાં મનરેગા સંબંધીત પ્રથમ ઘટના નથી અગાઉ પણ ગુજરાતના દાહોદ અને ભરૂચ જેવા વિસ્તારોમાં પણ આવા કૌભાંડોની તપાસ ચાલી રહી છે. આ ઘટનાઓએ ગ્રામિણ રોજગાર યોજનાના અમલીકરણ પર સવાલો ઉભા કર્યા છે.

મનરેગા જેવી યોજનાઓ જે ગ્રામિણ ગરીબોને રોજગાર આપવા માટે બનાવવામાં આવી છે. પરંતુ તેનો દુરુપયોગ ગંભીર ચિંતાનો વિષય છે.

### દરેક ભાજપ સાંસદ તેમના સંબંધીત મતવિસ્તારના બજારોમાં પગપાળા કુચ કરશે

# આજથી ભાજપ સમગ્ર દેશમાં જીએસટી બચત મહોત્સવની શરૂઆત કરશે : જિલ્લા સાંસદો રોડ રસ્તે અને બજારોમાં પગદંડી ફરી જીએસટીનો પ્રચાર કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

આજથી દેશભરમાં ભારતીય જનતા પાર્ટી જીએસટી રીફોર્મને લઈને એક ખાસ ઝુંબેશ શરૂ કરવા જઈ રહી છે, ભાજપ આજે તા. ૨૨ સપ્ટેમ્બરે જીએસટી બચત મહોત્સવની શરૂઆત કરશે અને આ અભિયાન ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલશે, આ અભિયાન અંતર્ગત દરેક ભાજપ સાંસદ તેમના સંબંધીત સંસદીય મતવિસ્તારના બજારોમાં અને ગલીએ ગલીએ તેમજ સોસાયટીઓ અને શેરીઓમાં પગપાળા કુચ કરશે અને જીએસટી ના ફાયદા અંગે માહિતી આપશે.




નોંધનીય છે કે ભાજપ ૨૨ સપ્ટેમ્બર થી ૨૯ સપ્ટેમ્બર સુધી બચત મહોત્સવની ઉજવણી કરશે, આ ઝુંબેશ પાછળનો ઉદ્દેશ વેપારીઓ, દુકાનદારો અને સામાન્ય લોકો સાથે સીધો સંપર્ક સાધવાનો ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી) ના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો અને અર્થતંત્રમાં બચત અને પારદર્શિતામાં તેણે કેવી રીતે ફાળો આપ્યો છે તે પ્રકાશિત કરવાનો છે. અઠવાડીયા સુધી ચાલનારા આ અભિયાનમાં વિવિધ રાજયોના પક્ષના કાર્યકરો અને નેતાઓની વ્યાપક ભાગીદારી જોવા મળે તેવી અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે સ્થાનિક બજારોમાં પગપાળા કુચ કરીને ભાજપ તેની પાયાની પહોચને મજબુત બનાવવાની અને વેપાર તેમજ વાણીજયને પ્રોત્સાહન આપતી સરકારી નીતીઓને પ્રકાશિત કરવા માટે નાના વ્યવસાય માલીકો સાથે જોડાવવાની યોજના ધરાવે છે, ૨૨ સપ્ટેમ્બર થી અમલમાં આવનાર જીએસટીમાં મુખ્યત્વે બે કર દર હશે, ૫ ટકા અને ૧૮ ટકા, વૈભવી અને બિન- લકઝુરીયર્સ વસ્તુઓ પર અલગ ૪૦ ટકા કર લાદવામાં આવશે, નવા ફેરફારો અનુસાર તમાકુ અને સંબંધીત ઉત્પાદનો પર ૨૮ ટકા વતા સેસ લાગુ રહેશે,

હાલમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી) ચાર સ્લેબ હેઠળ વસુલવામાં આવે છે, ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા સરકારે નિર્દેશ આપ્યો છે કે વેપાર અને ઉદ્યોગ નવા દરો લાગુ થયા પછી ગ્રાહકોને તેનો સંપૂર્ણ લાભ આપે, સરકારે એક સુચનામાં સ્પષ્ટ સમયપત્રક જારી કરીને વિવિધ માલ માટે લાગુ દરો સ્પષ્ટ કર્યા છે. સરકારના નિર્દેશ અનુસાર વ્યવસાયોએ તાત્કાલીક તેમની સિસ્ટમ અપડેટ કરવી જોઈએ અને નવા દરોના આધારે સપ્લાય ચેઈનમાં કિંમતો સ્થાપિત કરવી જોઈએ, દર ઘટાડવાનો નિર્ણય ૩ અને ૪ સપ્ટેમ્બર ના રોજ યોજાયેલી જીએસટી કાઉન્સિલ ની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

# મોડી રાત સુધી ખેલૈયાઓ રમી શકશે ગરબા, પોલીસ દખલ નહી કરેઃ ગૃહમંત્રી હર્ષ સંઘવી

પ્રતિનિધિ,ગાંધીનગર

નવરાત્રીના પાવનપર્વને ધ્યાનમાં રાખીને ગુજરાતના ગૃહ વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યુ છે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરી છે કે ગરબાની રમઝટ મોડી રાત સુધી ચાલુ રહી શકશે, તેમણે સ્પષ્ટ કહ્યુ છે કે જે આયોજનો નિયમોનુ પાલન કરતા હોય તેમાં પોલીસ કોઈપણ પ્રકારની દખલગીરી કરશે નહી, આ નિર્ણયથી ખેલૈયાઓ અને ગરબાના આયોજકો બંનેમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ વરસે પણ ગુજરાતીઓ રાબેતા મુજબ મોડી રાત સુધી ગરબા રમી શકશે, ગૃહ રાજયમંત્રી



હર્ષ સંઘવીએ આ અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે ગરબા આયોજકોને નિયમોનુ પાલન કરવાની શરતે મોડી રાત સુધી ગરબા ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે. ગૃહ વિભાગે આ સુનિશ્ચિત કરવા માટે ખાસ વ્યવસ્થા કરી છે કે નાગરીકોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને સુરક્ષાના તમામ નિયમોનુ પાલન પણ થાય, આ માટે પોલીસ વિભાગને પણ સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવી છે કે જયાં નિયમોનુ પાલન થઈ રહ્યુ હોય ત્યાં કોઈપણ પ્રકારની દખલગીરી ન કરવી. હર્ષ સંઘવીએ ગરબાના આયોજકોને એક મહત્વપૂર્ણ અપીલ કરી છે કે આયોજકોએ ધ્યાન રાખવુ જોઈએ કે કોઈપણ અસામાજિક તત્વો ઉત્સવનો લાભ ઉઠાવીને વાતાવરણ બગાડી ન જાય, આ ઉપરાંત તેમણે ખાસ કરીને મહિલાઓ અને યુવતિઓને સુરક્ષા માટેની એક સરળ અને મહત્વપૂર્ણ માહિતી આપી હતી , સંઘવી એ કહ્યુ કે જો કોઈપણ મહિલાને નાની કે મોટી તકલીફ પડે તો તાત્કાલીક ૧૧૨ નંબર પર કોલ કરીને મદદ માંગી શકે છે, આ નિર્ણય ગરબાના ઉત્સવને માત્ર મનોરંજન પુરતો સિમિત રાખવાને બદલે તેને સુરક્ષિત અને જવાબદાર બનાવવાનો એક પ્રયાસ છે. મોડી રાત સુધી ગરબા ચાલુ રાખવાના આ નિર્ણયથી માત્ર ખેલૈયાઓ જ નહી પરંતુ નાના મોટા વેપારીઓ, ખાસ કરીને ખાણીપીણીની લારી ધારકોને પણ ફાયદો થશે. તેમને આ તહેવાર દરમિયાન રોજગારીની વધુ તકો મળી રહેશે. આ તમામ વ્યવસ્થાઓ સાથે આશા છે કે આ વર્ષની નવરાત્રી સુરક્ષિત અને ઉલ્લાસપૂર્ણ માહોલમાં પુરી થશે.

